સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

હૈયે હોય ઈ હોઠે આવી જ જાય, મન કી બાત !
સંઘ એજન્ડા છૂપાયા 'પ્રયોગ'માં - મન કી બાત !
શોધે વાતાવરણ અમલ માટે - મન કી બાત !
મુખત્યારી પ્હેરે મ્હોરું લોકતંત્રનું - મન કી બાત !

હાઈકુ

સંભળાય ના
દુષ્કાળ નાં ડાકલાં -
જૂથ ડખામાં...
(પક્ષોમાં અંતરકલહ)

મોસાળે મામા !
ખવડાવે તમાચા -
સુપ્રીમ સાસુ !
(તમે એટલે ગુજરાત?!)

ચિંતન

ભક્તિ જ, સીદી મુક્તિ કી, ચઢે ભક્ત હરપાય,
ઔર ન કોઈ ચઢિ શકે, નિજ મન સમજો આય.

ભારતીય દર્શનશાસ્ત્રમાં મોક્ષ એ માનવજીવનનો મૂળભૂત હેતુ માનવામાં આવ્યો છે. હિન્દુ ધર્મમાં મોક્ષ, બૌદ્ધ ધર્મમાં નિર્વાણ અને જૈન ધર્મમાં કર્મ ખપાવવાની જે ભાવના છે તે દીર્ઘ સયમના ચિંતન અને અનુભવ આધારિત છે. આ મોક્ષ ભક્તિથી જ પ્રાપ્ત થાય તેવી માન્યતા મધ્યકાલીન યુગમાં વ્યાપક હતી, કબીર આના સમર્થનમાં કહે છે કે, ભક્ત આનંદપૂર્વક બીજી વસ્તુઓનો ત્યાગ કરીને, અન્ય તકો તરફ દૃષ્ટિ કર્યા વિના મોક્ષની સીડી ચડે છે. દરેક વ્યક્તિ એ આ વિચાર સમજીને ગ્રહણ કરવો જોઈએ. માયાના આવરણને દૂર કરી સત્યરુપી પરમાત્માના દર્શન માટે ભક્તિએ એક માત્ર સાચો માર્ગ છે. ભક્તના લક્ષણો વિશેષ છે. ગીતાજીમાં બારમાં અધ્યાયમાં ભક્તોના લક્ષણો 'સર્વ ભૂતોમાં દ્વેષભાવ વિના, નિઃસ્વાર્થી, દયાળુ, મમત્વ અને અહંકાર રહિત, શ્રમાશીલ અને સુખદુઃખોમાં સમભાવ, મન-ઈન્દ્રિયોને વશમાં રાખનાર, દૃઢ નિશ્ચયી અને જેનાં બુદ્ધિ-મન મને સમર્પિત છે. જેનાથી કોઈને ઉદ્વેગ થતો નથી.' વર્ણવ્યા છે. આવા ભક્તો માટે મોક્ષ સહજ છે.

સુવિચાર

- મનુષ્યનો સ્વભાવ એક એવી જણસ છે, જેને દાબમાં રાખવા ઘોડાની લગામ કે હાથીનો અંકુશ કામમાં આવતો નથી - **સુરેશ દલાલ**
- બધું જ હોય છતાં પણ જે માણસ અસંતોષ અનુભવે એ ખરેખર દયનીય રીતે ગરીબ છે, ભીખમાં પૈસા આપી શકાય, સમજણ નહીં - **હિતેન આનંદપરા**
- અતડા હોવું એ જુદી વાત છે ને અલગારી હોવું એ જુદી વાત છે. અતડા સ્વભાવમાં તુમાખી વર્તાય છે, જયારે અલગારી સ્વભાવમાં ફકીરી - **ચંદ્રકાન્ત બક્ષી**
- લોક અભિપ્રાય માત્ર ત્યાં અસ્તિત્વ ધરાવે છે જયાં વિચાર શૂન્યતા પ્રવર્તે છે - **ડેલ કાર્નેગી**
- તમે દોડવા શક્તિમાન ન હોવ તો ન દોડશો, પણ જેઓ દોડી રહ્યા છે તેના પગ ન ખેંચો - **લોકમાન્ય તિલક**
- શ્રદ્ધા અને જ્ઞાન અથવા મન અને બુદ્ધિનું હંમેશા સાથે રહેવું જરુરી છે - **પૂજ્ય મોટા**
- આજનું ઔષધ : ધાણાને પાણીમાં પલાળી રાખી ગાળી તે પાણીથી આંખો ધોવાથી દુઃખતી આંખો સારી થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આજે ચૂંટણીઓની હોય કે દેશ-દેશ વચ્ચે લડાઈમાં મૂલ્યો-સિદ્ધાંત રહ્યાં જ નથી. ભાંગફોડ તડજોડ-જાસૂસી-દગાબાજી-લે-વેચ ચાલ્યા જ કરે છે. ધર્મયુદ્ધની બાદબાકી થઈ ગઈ છે.

ખલીફા હઝરત અલીનું તેમના રાજયના એક જાની દુશ્મન સાથે યુદ્ધ ચાલતું હતું વર્ષોથી કટ્ટર દુશ્મની હતી - હઝરત અલી સાચા હતા.

આજના યુદ્ધમાં તલવારબાજીમાં દુશ્મન હાર્યો-જમીન પર પટકાયો - હઝરતે તલવાર ઉગામી શિરચ્છેદ કરવાની તૈયારીમાં જ હતા. ત્યાં દુશ્મન હઝરત પર થૂંક્યો - હઝરતને ગુસ્સો આવ્યો. પણ બીજી જ પળે - દુશ્મનને હાથને ટેકો આપી ઊભો કર્યો અને ખૂદા હાફિઝ - કાલે મળશું કહી જવા લાગ્યા.

દુશ્મને પૂછ્યું - તમને તક હથી તો પણ મારો શિરચ્છેદ શું કામ ન કર્યો?

હઝરત અલી કહે - પયગંબર સાહેબનું ફરમાન છે કે સિદ્ધાંત માટે લડવું પણ કોઈના પર ગુસ્સામાં વેરમાં વાર ન કરવો. તમે થૂંક્યા તેનો મને ગુસ્સો હતો. તેથી તમને મારી ન શક્યો...

... અને પછી કયારેય એ યુદ્ધ થયું જ નહીં.

'ગરવી ગૂજરાતણ' ની વિદાયવેળાએ

તંત્રીસ્થાનેથી...

બદલાયેલા રાજકીય સંદર્ભોમાં નજીકના ભૂતકાળના મહાનુભાવોનું કેટલું ઝડપથી વિસ્મરણ થઈ રહ્યુ છે તેનો ખ્યાલ સ્વ. ઉર્મિલાબહેન પટેલના અવસાનથી જે કરકસરપૂર્વક નોંધ લેવાઈ એ પરથી આવ્યા વિના રહેતો નથી. ઉર્મિલાબહેન પટેલ ગુજરાતની મહિલા શક્તિનું જાજરમાન પ્રતીક હતાં. એમની તેજસ્વી કારકિર્દી ફક્ત રાજકારણના ક્ષેત્ર પૂરતી મર્યાદિત નહોતી. તેઓ એક અગ્રગણ્ય કેવળણીકાર હતાં અને એમનાં પ્રભાવશાળી જીવનસાથી સ્વ. ચિમનભાઈ પટેલની ભવ્ય શૈક્ષણિક વિરાસતને સંભાળવામાં તથા વિકસાવવામાં એમનું નોંધપાત્ર પ્રદાન રહ્યુ છે. એમણે ચિમનભાઈની પડખે પડછાયાની જેમ રહીને એમની રાજકીય કારકિર્દી ઘડી હતી. ઐતિહાસિક નવનિર્માણ આંદોલન પછી પ્રજામાનસમાં દૂર ફેંકાઈ ગયેલા ભારાડી પરિવાર નેતાએ સોળ વરસનાં લાંબા વનવાસ પછી પ્રદેશના રાજકારણમાં જે ધમાકાભેર પુનઃપ્રવેશ કર્ય હતો તે ગુજરાતના રાજકારણનું એક યાદગાર પ્રકરણ છે. આજકાલ જે પાટીદાર આંદોલન ચાલી રહ્યું છે તેના પાયામાં કયાંક ચિમનભાઈ પટેલની સમસ્ત ખેડૂત સમાજ પ્રત્યેની ઊંડી સહાનુભૂતિ અને ખેડૂતોના હક્કો માટે આજીવન લડત ચલાવવાની ખુમારી પડેલી છે. ગુજરાતના પાટીદારો જ એમના આ લાડકવાયા નેતાને હૈયાનો હાર બનાવીને ફરી એકવાર ધરાર ગાંધીનગરના મયૂરાસન પર આરૂઢ કરાવીને જંપ્યા હતા. સરદાર પટેલ પછીના સૌથી મોટા ખેડૂત નેતાઓ તરીકે ઊપસી આવેલા દેશની ત્રિપુટીમાં ચૌધરી ચરણસિહં, ચૌધરી દેવીલાલ અને ચિમનભાઈ પટેલનો સમાવેશ થાય છે. ખેડૂતોના હામી ચિમનભાઈ પટેલે ગુજરાતના 'છોટે સરદાર'નું હુલામણું બિરુદ સાર્થક કર્યું હતું અને નર્મદાનું સરદાર પટેલનું સપનું સાકાર કર્યું હતું. એમની આ ઝુંબેશમાં સૌથી મજબૂત પ્રેરક બળ તરીકે ઊપસી આવેલા ઉર્મિલાબહેન જન્મે તો વણિક કન્યા હતા પરંતુ ગુજરાતની ખેડૂત પ્રજાએ એમને ઉમળકાભેર પોતાનાં નેતા તરીકે સ્વીકારી લીધા હતા. ચિમનભાઈના વિધાનસભા મતવિસ્તારનું રખોપું અને ઘરે ઘરે પહોંચી મતદારોની સમસ્યાઓનો નિકાલ કરવાની જવાબદારી ઉર્મિલાબહેને ખૂબ જ કુનેહ અને કુશળતાપૂર્વક નિભાવી હતી. ચિમનભાઈ પટેલ રાષ્ટ્રીય નેતાનું કાઠું ધરાવતા હોવા છતાં એમને ગુજરાત પર જ સવિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું એની પાછળ પણ ઉર્મિલાબહેનની પ્રેરણા હતી. રાજયસભામાં સદસ્ય તરીકે અને કેન્દ્રમાં રાજયકક્ષાના મંત્રી તરીકે ઉર્મિલાબહેનની કામગીરી વખણાઈ હતી. એમની વિદાયથી ગુજરાતમાં ઊભી થયેલી મહિલા નેતાગીરીનો એક પ્રારંભિક તબક્કો વિલાઈ ગયો છે. મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના રાજકીય ઉદય પહેલાં આ તબક્કામાં ઉર્મિલાબહેનનું પ્રદાન સૌથી વધારે યાદગાર રહેશે. દિવંગત મહિલા અગ્રણીએ મહિલા જાગૃતિ ક્ષેત્રે કરેલી કામગીરી પણ ભૂલી ભુલાશે નહીં. ચિમનભાઈ પટેલના દેહાંત પછી તેઓ ગુજરાતના મુખ્યમંત્રીપદના દાવેદાર તરીકે ઊપસી આવ્યાં હતાં પરંતુ ત્યારે તેઓ વિધાનસભાનાં સદસ્ય નહોતાં અને એકાદ વર્ષમાં જ ચૂંટણી થવાની હતી એથી સિનિયર કેબિનેટ મંત્રી છબીલદાસ મહેતાને એ જવાબદારી સોંપાઈ હતી. ઉર્મિલાબહેને રાજકારણમાંથી નિવૃત્ત થયા પછી રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ અને અન્ય સંસ્થાઓ સાથે જીવનના છેલ્લા શ્વાસ સુધી સમાજસેવા અને કેવળણી ક્ષેત્રે સક્રિય રહી 'ગરવી ગૂજરાતણ' તરીકેનું એક નમૂનેદાર દૃષ્ટાંત રજૂ કર્યું છે. એમનાં જીવનમૂલ્યો અને સંસ્કારોનો તથા જાહેરજીવનનો ઉજ્જવળ વારસો સાચવવો એ ફક્ત કોઈ પક્ષ વિશેષ કે પરિવારની જવાબદારી નથી. એ તમામ ગુજરાતીઓ અને સવિશેષ તો ગરવી ગુજરાતણોની પવિત્ર ફરજ બની રહે છે.

જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩ (એએ)માં સુધારો આદિવાસી વિસ્તારમાં ડેવલોપમેન્ટ માટે પ્લાન

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

રાજય સરકારે આદિવાસીઓની જમીનો લગત જમીન મહેસુલ અધિનિયમની કલમ ૭૩(એએ), ૭૪, ૧૧૬ અને ૧૧૭(એ) મુજબ જાહેર હેતુના વિકાસના કામો માટે જમીન સુપરત કરવા માટેના પરિપત્રો જારી કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ આદિવાસી વિસ્તારમાં ૭૩(એએ)ની જોગવાઈ મુજબ આદિવાસી વ્યક્તિની જમીન બીન આદિવાસીઓને તબદીલ કરવામાં આવે તો કલેકટરશ્રીની પૂર્વ મંજુરી મેળવવી આવશ્યક છે. આ જોગવાઈના લીધે આદિવાસી વિસ્તારમાં વિકાસના કામોમાં વિલંબ થાય છે. જેથી સરકારે ૩૧/૩/૨૦૧૬ ના રોજ પરિપત્ર બહાર પાડીને આદિવાસી વ્યક્તિ સામેથી વિકાસના કામો માટે જમીન સુપ્રત કરવા ઈચ્છે તો તેની શરતો જાહેર કરી છે. જેમાં આદિવાસી જમીનના બદલામાં જમીન કે વળતર મેળવી શકશે અને પોતાની જમીન વિકાસના કામોમાં આપી શકશે જે લગત પ્રાંત અધિકારીની મંજુરી મેળવવાની રહેશે.

જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૬ ની કલમ ૭૩(એએ) ની જોગવાઈ મુજબ આદિવાસી વ્યક્તિની જમીન આદિવાસી કે બીન આદિવાસી વ્યક્તિને તબદીલ કરવાના કિસ્સામાં સક્ષમ અધિકારી તરીકે કલેકટરશ્રીની મંજુરી મેળવવી પડતી હતી. રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ હેઠળ આદિવાસીઓની જમીન જાહેર વિકાસની યોજનાઓ હેઠળ શાળાઓ, હોસ્પિટલ, જાહેર રસ્તાઓ, આંગણવાડીઓ, હેન્ડ પંપ જેવી સવલતો ઉભી કરવા માટે આદિવાસી વિસ્તારમાં સરકારી પડતર અથવા પંચાયત કે નગરપાલીકાની જમીનો ઉપલબ્ધ હોતી નથી જેના કારણે આવા વિકાસના કામોમાં જમીન વગર રાજય સરકારને મુશ્કેલી ઉભી થતી હતી પરિણામે આદિવાસી વિસ્તારનો વિકાસ શકય બનતો ન હતો. આ પ્રકારના મુશ્કેલીના નિવારણ માટે રાજય સરકારે વિકાસના કામો ઝડપથી પૂર્ણ કરવા માટે જો આદિવાસી સ્વેચ્છાએ પોતાની જમીન ખેતીની કે બીન ખેતીની રાજય સરકારને સુપ્રત કરે તો તેના માટે અલગથી શરતો નક્કી કરેલ છે જે માટે જે તે વિસ્તારમાં વિકાસના કામો માટે જમીન નથી તેવું મામલતદારનું સર્ટીફીકેટ મેળવવું પડશે માત્ર રાજય સરકાર કે કેન્દ્ર સરકારની વિકાસ યોજનાઓ અંતર્ગત જ આવી જમીન મેળવી શકાશે. આદિવાસી ખેડૂત આવી જમીન સુપ્રત કરવાથી બીન ખેડૂત બનતો હોય તો આવી જમીન મેળવી શકાશે નહી. આદિવાસી વ્યક્તિ જો ખેત ટોચ મર્યાદા / ગણોત ધારા હેઠળની જમીન ધરાવતો હોય તો તેવા સંજોગોમાં માંગણી કરેથી રાજય સરકારને સુપ્રત કરવામાં આવતી જેટલી જમીન નજીકના સ્થળે ઉપલબ્ધ હોય તેટલી સરકાર હસ્તરની જમીન ફાળવવાની રહેશે. આ જમીનને ખેત જમીન ટોચ મર્યાદા / ગણોત ધારાની જોગવાઈઓ લાગુ પડશે.

આદિવાસી પાસેથી મેળવેલ જમીન વિકાસના કામો માટે લેવાયેલ હોય તો જે તે જમીનનો હેતુ ફેર થઈ શકશે નહિ.

૨૦૦ ચો.મી. થી ઓછા ક્ષેત્રફળ માટે કુટુંબના વડાનું સમંતિ દર્શક એફીડેવીટ મેળવવાનું રહેશે જેમાં કુટુંબના તમામ સભ્યોની સમંતી મેળવવી જરૂરી છે. ૨૦૦ ચો.મી. થી વધુ ક્ષેત્રફળ માટે આદિવાસી ખાતેદારના ૭-૧૨ માં જેટલા કબજેદારના નામ હોય તે તમામનું સમંતિ દર્શક એફિડેવીટ કરવાનું રહેશે. આવા કિસ્સામાં આદિવાસી વ્યક્તિ દ્વારા જમીન બીન ખેતી હેતુ માટે સુપ્રત કરવામાં આવે ત્યારે કલેકટરે જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ ૭૪,૧૧૬, ૧૧૭(એ) અન્વયે કાર્યવાહી કરવાની રહેશે અથવા જમીનના કબજેદારને જંત્રી આધારીત મૂલ્યાંકન કરીને ચુકવણી કરવાનું રહેશે. કબજેદાર દ્વારા અન્ય જમીનની માંગણી કરવામાં આવે તો સરકારને સુપ્રત કરવામાં આવતી જમીનની જંત્રી આધારીત મૂલ્યાંકન મર્યાદામાં નજીકના સ્થળે સરકારી જમીન ફાળવણી કરવાની વિચારણા કરવાની રહેશે તેમજ આવી જમીન સુપ્રત કરવા અંગે રેવન્યુ રેકર્ડમાં નોંધ કરવાની રહેશે.

જે કિસ્સામાં જમીન બીન વળતરે સુપ્રત કરવામાં આવે તેવા કિસ્સામાં અરજદાર દ્વારા જમીન સુપ્રત કર્યા અંગેની નકલ સત્તાધિકારીએ અચુક રાખવાની રહેશે હવેથી આદિવાસી વિસ્તારમાં વિકાસના કામો માટે જમીન સુપ્રત કરે તો મંજુરીની સત્તા પ્રાંત અધિકારીની રહેશે.

જમીન મહેસુલ અધિનિયમની કલમ ૭૩(એએ)ની શરતોને હળવી કરાતા હવેથી આદિવાસી વિસ્તારના વિકાસના કામો થતા સરવાળે આદિવાસી વિસ્તારની જમીનના ભાવો ઉચકાશે જેથી જે લોકોએ આદિવાસી પાસેથી જમીનો ખરીદ કરેલ હશે પરંતુ પોતાના નામે ખાતે કરેલ નહી હોય તે જમીનોમાં વિવાદ ચોક્કસ થશે ભાવો ઉચકાતા આદિવાસીઓની દાનતમાં પણ ફરક પડશે વિકાસની સાથે વિવાદ પણ થશે તે નક્કી છે.

તક્ષશિલા-નાલંદાની ભૂમિ હાર્વર્ડ-ઑક્સફર્ડને આવકારશે

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ અને એમની કૉંગ્રેસના પ્રભાવથી સમગ્ર રાષ્ટ્રને મુક્ત કરાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યા હોવા છતાં ફરી ફરીને નેહરુના પ્રભાવતળે આવતા હોય એવું લાગ્યા વિના રહેતું નથી. સ્વદેશીના સંસ્કારોમાં આયખું આખું વીતાવ્યા પછી ય જ્યારે વડા પ્રધાનપદે પહોંચ્યા પછી શિક્ષણ સુધારાની વાત વિચારવાનો વખત આવ્યો ત્યારે 'મેઈક ઈન ઈન્ડિયા'ના સૂત્રની સાથે જ વિદેશી યુનિવર્સિટીઓને ભારતપ્રવેશ કરાવવા લાલ જાજમ પાથરવાનો વખત આવ્યો છે.સરદાર પટેલની જેમ નરેન્દ્ર મોદી વાસ્તવવાદી ધરાતલ પર આગળ વધવા ઈચ્છુક છે. માત્ર આદર્શોની વાતો કરવાને બદલે વાસ્તવિક પરિવર્તન લાવવા કે શૈક્ષણિક સ્તરને સુધારવા માટે વિદેશી યુનિવર્સિટીઓ માટે દેશના દરવાજા ખુલ્લા મૂકવામાં મોદી સરકારને છોછ નથી.

હમણાં ભારત સરકારના આયોજન પંચના નવઅવતાર એવા નીતિ આયોગે વડા પ્રધાન મોદી સમક્ષ વિદેશી યુનિવર્સિટીઓને માટે ભારતનાં દ્વાર ખુલ્લાં મૂકીને શૈક્ષણિક સ્તર સુધારવાની દરખાસ્ત રજૂ કરતો અહેવાલ મંજૂરી માટે પ્રસ્તુત કર્યો છે. ક્યારેક તક્ષશિલા અને નાલંદા જેવી પ્રાચીન યુનિવર્સિટીઓ વિશ્વભરમાંથી વિદ્યાર્થીઓ કે જ્ઞાનના ઉપાસકોને આકર્ષતી હતી, એ ભારત વર્ષમાં હવે ઑક્સફર્ડ, કૅમ્બ્રિજ કે હાર્વર્ડ જેવી પ્રથમ શ્રેણીની વિદેશી યુનિવર્સિટીઓ પ્રવેશે એવી અપેક્ષા કરવામાં આવે છે. છેલ્લા એકાદ દાયકાથી કૉંગ્રેસના વડપણવાળી ડૉ.મનમોહન સિંહની સરકારે વિદેશી યુનિવર્સિટીઓ માટે ભારતપ્રવેશ માટે લાલ જાજમ પાથરવાની ભરસક કોશિશ કરી. એ વેળા સ્વદેશીની આગ્રહી ભારતીય જનતા પાર્ટી સહિતના પક્ષોએ કૉંગ્રેસ પ્રણીત નીતિને સ્વીકારવામાં સહયોગ આપ્યો નહીં એટલે વિદેશી યુનિવર્સિટીઓને ભારતની ભૂમિ પર કાર્યરત કરાવવામાં અપેક્ષિત સફળતા મળી નહોતી. હવે મોદી સરકારના આ દિશાના પ્રયાસોને કોઈ અવરોધી શકે એવી શક્યતા નહીંવત્ જણાય છે.

મનમોહન સરકારે વિદેશી શૈક્ષણિક સંસ્થાઓ વિષયક વિધેયક પ્રધાનમંડળમાં મંજૂર તો કરાવ્યું, પરંતુ છેક ૧૯૯૫માં પી. વી. નરસિંહ રાવ સરકાર હતી ત્યારથી આ દિશામાં આગળ વધારવા ચાહેલી નીતિ બાબત લોકસભાની છેલ્લી ચૂંટણી મે ૨૦૧૪માં જાહેર થઈ ત્યાં લગી કોઈ નક્કર પરિવર્તન લાવી શકાયું નહીં. ભાજપ, ડાબેરીઓ અને સમાજવાદી પાર્ટીના વિરોધને કારણે રાજ્યસભામાં મનમોહન સરકાર એ વિધેયક મંજૂર કરાવી શકે એ પહેલાં જ લોકસભાનું વિસર્જન થતાં એ ટળી ગયું. હવે મોદી સરકાર એને પોતાની રીતે સુધારાવધારા સાથે આગળ વધારે એવી શક્યતા ઊભી થઈ છે.

એવું નથી કે ભારતમાં અત્યારે વિદેશી શિક્ષણ સંસ્થાઓના માધ્યમથી શિક્ષણ અપાતું નથી. જોકે વિદેશી શિક્ષણ સંસ્થાઓ પોતાનાં કેમ્પસ સ્થાપીને, પોતાના અભ્યાસક્રમ ઘડીને, પોતાના અધ્યાપકોને નિયુક્ત કરીને અને પોતાની રીતે ફીનાં ધોરણ નિર્ધારિત કરીને ભારતમાં શિક્ષણ સંસ્થાઓ ચલાવવા અને નફો સ્વદેશ લઈ જવાની મોકળાશ ધરાવતી નથી. કાયદાકીય જોગવાઈ કરીને એની મોકળાશ બક્ષવામાં આવે તો જ વિદેશી યુનિવર્સિટીઓને ભારતના માર્કેટમાં રસ પડે તેમ છતાં આજે પણ વિવિધ દેશોની ૬૫૧ જેટલી વિદેશી શિક્ષણ સંસ્થાઓ ભારતીય શિક્ષણસંસ્થાઓ સાથે સમજૂતી કરાર થકી સહયોગ સાધીને કે અધ્યાપન માટેના પારસ્પારિક સહયોગની સુવિધા ઉપરાંત દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમોના માધ્યમથી વિદેશી શિક્ષણનો લાભ ભારતીય વિદ્યાર્થીઓને તેમની દેશી સંસ્થાઓમાં પણ ઉપલબ્ધ કરાવે છે.

એસોસિએશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ (એઆઈયુ)ના આંકડાઓ મુજબ, વર્ષ ૨૦૦૦માં ૧૪૪ જેટલી વિદેશી શિક્ષણ સંસ્થાઓ ભારતમાં કાર્યરત હતી. આ આંકડો ૨૦૧૦માં વધીને ૬૩૧ જેટલો થયો હતો. સૌથી વધુ બ્રિટિશ શિક્ષણ સંસ્થાઓ ભારતમાં કાર્યરત છે. એ પછી કેનેડા અને અમેરિકી શિક્ષણ સંસ્થાઓનો ક્રમ આવે છે. જોકે આ સંસ્થાઓમાં વિદેશોની અતિ પ્રતિષ્ઠિત સંસ્થાઓનો સમાવેશ નથી.

ક્યારેક ભારત વર્ષની પ્રાચીન વિદ્યાપીઠો જેવી કે તક્ષશિલા અને નાલંદા, વલભી કે વિક્રમશિલાની પ્રતિષ્ઠા દુનિયાભરમાં હતી. જોકે હવે ભૂતકાળનાં ગાણાં ગાવાથી વર્તમાન શિક્ષણ વ્યવસ્થાના સ્તરને વૈશ્વિક સ્પર્ધામાં મૂકવાનું શક્ય નહીં હોવા છતાં ભારત અને અન્ય દેશોના સંયુક્ત પ્રયાસોથી બિહારમાં જ્યાં નાલંદા વિદ્યાપીઠના અવશેષ મળે છે એ ક્ષેત્રમાં નાલંદા યુનિવર્સિટીને પુનઃ જીવિત કરવાના પ્રયાસો આરંભાઈ ચુક્યા છે. તક્ષશિલા કે ટૅક્સિલા અત્યારના પાકિસ્તાનમાં છે. એના પ્રાચીન વારસાના જતનની દિશામાં એને વૈશ્વિક વારસાનું કેન્દ્ર લેખીને તેની જાળવણી કરાઈ રહી છે. ગુજરાત રાજ્યમાં આવેલી વલભીને પુનર્જીવિત કરવાની કોશિશ હજુ બાકી છે અને એ રીતે બીજી પ્રાચીન વિદ્યાપીઠો પણ સમયની ગર્તામાં સમાઈ ગયેલી છે.

ભારત વર્ષની પ્રાચીન વિદ્યાપીઠોને મુસ્લિમ આક્રમણો દરમિયાન નષ્ટ કરવાના પ્રયાસો થયા, પણ બ્રિટિશ શાસકોએ ૧૮૫૭ પછી બૉમ્બે, કોલકાતા અને મદ્રાસમાં યુનિવર્સિટીઓ સ્થાપીને આધુનિક શિક્ષણ સાથે ભારત અને ભારતીયોનો પરિચય કરાવ્યો. એ પછી સમયાંતરે ભારતમાં યુનિવર્સિટીઓની સંખ્યા વધતી ભલે ગઈ, શિક્ષણનું સ્તર કથળતું ગયું. ગુરુકૂળ પરંપરા કે વર્ધા કેળવણીની પરંપરા અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ કે અન્ય ગણીગાંઠી શિક્ષણસંસ્થાઓ પૂરતી જ સીમિત રહી. શિક્ષણ સંસ્થાઓનું સ્વરૂપ અંગ્રેજ શાસકો ભારત છોડી ગયાના છ-સાત દાયકા પછી પણ સ્વદેશી વાઘા ચડાવી શક્યું નથી અને હજુ આજે પણ શિક્ષણની અંગ્રેજ પ્રણાલી માટે લોર્ડ મૅકોલેને દોષ આપવાની પરંપરા અખંડ છે.

એવું નથી કે આજે પણ કેટલીક ભારતીય યુનિવર્સિટીઓનાં વિદેશોમાં કેન્દ્રો સ્થાપિત કરાયાં નથી. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નૂ)નાં કેન્દ્રો વિદેશોમાં ચલાવાય છે. કેટલીક ખાનગી યુનિવર્સિટીઓનાં કેન્દ્રો પણ વિદેશમાં ચલાવાય છે. આમ છતાં ભારતીય યુનિવર્સિટીઓના શૈક્ષણિક સ્તર અને વિદેશોમાં એમના સ્નાતક - અનુસ્નાતકોની રોજગારક્ષમતા હજુ વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે. જોકે અમેરિકા અને યુરોપમાં ભારતીય ઈજનેરો, તબીબો અને અન્ય વિષયના સ્નાતક-અનુસ્નાતકોની કામગીરી ખૂબ પ્રશંસનીય રહી હોવા છતાં એકંદરે ભારતીય યુનિવર્સિટીઓનું રેટિંગ વૈશ્વિક શૈક્ષણિક સંસ્થાઓના રૅંકિગમાં અગ્રક્રમે નથી. વિદેશમાં ભારતીય વૈજ્ઞાનિકો તથા આઈઆઈએમના સ્નાતકોની કામગીરીને વખાણાય છે, પરંતુ એમની વ્યક્તિગત પ્રતિષ્ઠા છતાં ભારતીય યુનિવર્સિટી કે શિક્ષણ સંસ્થાઓ માટે પશ્ચિમના દેશોની યુનિવર્સિટીઓ કે પ્રતિષ્ઠિત સંસ્થાઓના બરની લેખાતી નથી.

ભારતનું શિક્ષણનું માર્કેટ ખૂબ વિશાળ હોવા છતાં ખાનગી ક્ષેત્ર

અનુસંધાન પાના નં. ૭ પર

...આપણા મનને જ્યાં સાચવીને મૂકી ગયા હોઈએ તે ધરતી અને ઘરે પાછા ફરવામાં ક્યારેય કોઈ નાનમ હોઈ શકે જ નહિ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

If home's where my heart is then I'm out of place.

આજના અતિઆધુનિક અને હાઈટેક એવા યુગમાં ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાને કારણે આખું વિશ્વ જાણે આપણા હાથમાં રહેલા મોબાઈલમાં સમાઈ ગયું હોય તેમ લાગે છે. આજે સુખ-સગવડો અને સુવિધાઓની બાબતમાં આપણે ખૂબ આગળ વધી ગયા છીએ પણ કોણ જાણે આ બાહ્ય ખુશી અને આડંબર વચ્ચે આપણો અંતરઆત્મા કોચવાઈ રહ્યો હોય કે તેનો અવાજ દબાઈ જતો હોય તેમ જણાય છે. વિદેશોમાં જઈને ભણવું, વિદેશમાં જ સેટલ થઈને રહેવું એ ટ્રેન્ડ અત્યારે ખાસ્સો પ્રચલિત બન્યો છે. અતિ મહત્ત્વાકાંક્ષાઓના બોજ હેઠળ વ્યક્તિ ક્યારે પોતાના મનને મારતા શીખી જાય છે તેનો અહેસાસ તેને પોતાને પણ નથી રહેતો. પણ આપણે ભારતીય લોકો સ્વભાવે થોડા વધુ લાગણીશીલ છીએ માટે આત્માના આર્તનાદને ઓળખી કાઢીએ છીએ. આપણા મનનો ઉચાટ કદાચ બહાર ન આવવા દઈએ પણ આપણા મનમાં એક રંજ હંમેશા રહ્યા કરે. વિદેશમાં વસવાટ કરવા છતાં વતનની માટી, એની મહેક, જયાં ઉછર્યાં, જયાં ભણ્યા અને જે ગલી-મહોલ્લામાં બાળપણ વિતાવ્યું એ તમામ બાબતો મનના એક ખૂણામાં સરસ રીતે ગોઠવીને મૂકી રાખીએ છીએ અને જયારે એકલા પડીએ કે થોડો સમય જાત સાથે વિતાવવાનો અવસર મળે એટલે તરત વિદેશમાં વસતો એ ભારતીય ચૂપચાપ પોતાના વતનના શહેરની ગલીઓમાં માનસિક રીતે સફર કરવા લાગે છે.

આપણે હંમેશા વડીલોને કહેતાં સાંભળ્યા છે કે, 'દુનિયાનો છેડો ઘર.' 'ઘર' એ એક એવું સ્થળ હોય છે કે જયાં માનવીનું મન એનું હૈયું વસેલું છે. એ ઘરની દિવાલો, ફર્નિચર અને બારી-બારણા સાથે પણ એક અનોખો સંવેદનાનો ઋણાનુબંધ બંધાયેલો હોય છે. ભણવા માટે, કરિયર માટે કે જીવનસાથી માટે વ્યક્તિ જયારે પોતાનું ઘર, પરિવાર કે દેશ છોડીને જાય ત્યારે તે નાનામાં નાની વસ્તુ યાદ કરીને સાથે લઈ જવાની તમામ વસ્તુઓનું લિસ્ટ બનાવે છે. ત્યાં કામ લાગે એવી એ બધીયે વસ્તુઓને પૅક કરીને એરપોર્ટ પર ફલાઈટની પ્રતિક્ષા સમયે જયારે તે વેઈટીંગ લોન્જમાં બેસે ત્યારે તેને એ અહેસાસ થાય છે કે જોડે લીધેલા સામાનમાં બધું જ છે પણ તેનું મન, તેનું હૃદય; તેનું દિલ પાછળ ઘરે જ છૂટી ગયું છે. મમ્મી, પપ્પા, ફ્રેન્ડ્સર્કલ એ બધી મોજમસ્તી તો યાદ કરતાં તેના સ્મૃતિપટ પર આવી શકે પણ જે મન ઘરે રહી ગયું છે તે તો કયારેય તેને પાછું મળી શકતું નથી. ગમે તેટલી આલિશાન અને ભવ્ય ઈમારતોમાં રહેવા છતાં વતનના ઘરનો એ ખૂણો એને મન હંમેશા સૌથી વધુ **comfortable** સ્થળ રહેતું હોય છે.

સ્ત્રી જયારે પરણીને સાસરે જાય ત્યારે એક સાવ અજાણ્યા ઘરમાં અને અજાણ્યા લોકોમાં તેને સ્થાન મેળવવાનું હોય છે પરંતુ, સ્ત્રીઓને જન્મજાત આ પ્રકારનું **adjustment** કરવાનું વરદાન મળેલું હોય છે. જયારે પુરુષ માટે ઘર-પરિવાર અને વતનને છોડવું ખૂબ અઘરું હોય છે. સ્ત્રીઓની માફક તેઓ રડીને પોતાની લાગણીઓ પ્રદર્શિત કરવામાં થોડો ક્ષોભ-સંકોચ અનુભવે છે પણ મનમાં ચાલી રહેલા વિચારોના ઝંઝાવાત સામે ઝઝૂમવું તેમના માટે અઘરું હોય છે. આપણે ત્યાં વિદેશ જનારા લોકોને શુભકામનાઓ પાઠવવાની અને તેમને ભાવપૂર્વક વિદાય આપવાની એક પ્રથા છે. માટે જવાના થોડા દિવસો પૂર્વેથી જ આ પ્રકારના માહોલને કારણે તેમ જ પેકીંગથી લઈને અન્ય બાબતોમાં વ્યસ્ત હોવાને કારણે જનાર વ્યક્તિ થોડા સમય માટે વતનને છોડીને જવાના પોતાના દુઃખને ભૂલી તો જાય પરંત